# ગુજરાતી સાહિત્ય મંડળ

**C/o. શ્રી ભવાનીપુર ગુજરાતી બાલમંદિર, ૨૦/૧, રામમોહન દત્ત રોડ, કોલકતા - ૭૦૦ ૦૨૦.**

કોલકતામાં વર્ષોથી ગુજરાતી ભાષા, સાહિત્ય, કલા અને સંસ્કૃતિના સંવર્ધન કાજે કાર્યશીલ સંસ્થા વિષયે થોડી માહિતી.



મંડળ કોલકતા ખાતે પ્રતિ દ્વિવાર્ષિક 'સાહિત્ય પરિષદ વ્યાખ્યાનમાળા'નું આયોજન કરે છે. પ્રથમ ૧૯૬૨માં શ્રી રામપ્રસાદ બક્ષીથી લઈને ૨૦૦૬માં બકુલ બક્ષી મુખ્ય વ્યાખ્યાતા તરીકે હાજર રહ્યા હતા. ગુજરાતી સાહિત્યના અનેક ખ્યાતનામ લેખકો આ માટે આયોજન વખતે હાજર રહેતાં હતાં.

મંડળના સભ્યપદ માટેનું શુલ્ક પણ આજે સાવ નજીવું ગણાય તેટલું રખાયું છે જે ખરેખર પ્રશંસનીય છે.

સંસ્થાની બીજી ભગિની સંસ્થાઓ પણ આવા આયોજનોમાં સહકાર આપે છે. જેમાં શ્રી ભવાનીપુર ગુજરાતી બાલમંદિરનો કાયમી સહયોગ રહ્યો છે. ધ કલકતા એંગ્લો ગુજરાતી સ્કૂલના સભ્યો વિદ્યાલક્ષી અને બૌદ્ધિક પ્રવૃત્તિઓમાં હંમેશા ઉત્સાહપૂર્વક સહયોગી રહે છે. ધ ભવાનીપુર ગુજરાતી એજ્યુકેશન સોસાયટી તથા સંચલિત (બી.જી.ઈ.એસ.એસ.) જે.જે. અજમેરા શાળા દ્વારા તેના સભાખંડનો ઉપયોગ કરવાની સંમતિ આપે છે.

સંસ્થાના વાર્ષિક અહેવાલમાં હિસાબ કિતાબ સહિત સાહિત્યિક પ્રવૃત્તિઓનો વિગત વાર અહેવાલ વાંચતાં તો નર્મદ-અખોથી લઈને આજના સમય સુધીના અનેક સાહિત્યકારોની આછી ઝાંખી થાય છે.

સાંસ્કૃતિક કાર્યક્રમોમાં બાળ ગોપાલ અને મોટેરા પણ ઘણાં ઉત્સાહથી ભાગ લેતાં હોય છે. વક્તૃત્વ સ્પર્ધા, વાર્તા, કવિતા જેવા વિવિધ સ્વરૂપો લોકો માણે છે. ઈનામનું વિતરણ પણ એક મહત્વનું આયોજન માગી લે જે પણ ખુબ કુશળતાપુર્વક હાથ ધરી પાર પડાય છે. આથી આ મંડળની કાર્યવાહી ઉડીને આંખે વળગે તેવી કહીએ તો ખોટું નથી જ.

મંડળને ગુજ નેટવર્ક તરફથી વધુ આવા આયોજનો માટે શુભેચ્છા.

**હાલના પદાધિકારીઓની યાદી**

**દિલીપ ગણાત્રા ................................ પ્રમુખ**

**યોગિની પટેલ.................................. ઉપ-પ્રમુખ**

**નલિની પારેખ .................................. કોષાધ્યક્ષ**

**પરાગ મજમુદાર ................................ મંત્રી**

**દિનેશ મોદી ..................................... મંત્રી**

**સભ્યો :**

**શ્યામ આશર, બકુલ મહેતા, પ્રવીણ વોરા, ભાવેશ શેઠ, નિરંજન ઠક્કર, ગીતા મહેતા, વર્ષા શેઠ, જયા જાની, મીરાં શાહ, રૂપલ ધુપેલિયા, સુજાતા દેસાઈ, ફાલ્ગુની મજમુદાર**

**આમંત્રિત સભ્યો :**

**જ્યોતિ ભાલરિયા, અરવિંદ પારેખ, રજનીકાંત બુદ્ધદેવ, હંસા ગણાત્રા, ઉષા મોદી, જ્યોતિ મહેતા, જયેન્દ્ર રાવળ, મધુ શેઠ, સુશીલ પરીખ**

**હિસાબ-નિરીક્ષક**

**ગાંધી અરૂણ ઍન્ડ કં.**